# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-08-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## નેશનલ સ્પોર્ટ્સ ડે : કચ્છમાં વિવિધ કાર્યક્રમો

"નેશનલ સ્પોર્ટ્સ ડે રાષ્ટ્રીય રમતગમત દિવસની ઉજવણી અંતર્ગત કચ્છમાં આગામી ૨૯ થી ૩૧ ઓગસ્ટ દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાશે.

મહાન હોકી ખેલાડી મેજર ધ્યાનચંદની જન્મજયંતિના સન્માનમાં દર વર્ષે ૨૯મી ઓગસ્ટને "નેશનલ સ્પોર્ટ્સ ડે" તરીકે મનાવવવામાં આવે છે. આ વર્ષે "એક ઘંટા ખેલ કે મેદાન મે !" થીમ પર રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા સમગ્ર રાજ્ય સહિત કચ્છમાં ત્રણ દિવસ સુધી ગ્રામ્યકક્ષાએથી લઈને જિલ્લાકક્ષા સુધીના રમત-ગમતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને આ ઉજવણીના આયોજન માટેની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

૨૯મી ઓગષ્ટે જિલ્લાની તમામ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટી અને વિવિધ સંસ્થાઓમાં 'ફીટ ઈન્ડિયા'ના શપથ સાથે મેજર ધ્યાનચંદને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. સેમિનાર અને ફિટનેસ અંગે વાર્તાલાપ જેવી પ્રવૃતિઓનું પણ આયોજન કરવામાં આવશે.

ત્યારબાદ ૩૦મી ઓગસ્ટે પોલીસ હેડ ક્વાર્ટર ભુજ ખાતે વિવિધ સ્પર્ધાનું આયોજન કરાશે. જેમાં પોલીસ વિભાગની ટીમો સાથે અન્ય સરકારી વિભાગો અને શાળાઓની ટીમો ભાગ લેશે.

જયારે, ત્રીજા દિવસ એટલે કે ૩૧મી ઓગસ્ટે ગાંધીધામ ખાતે મહાનગરપાલિકા કક્ષા દ્વારા નાગરિકોને સહભાગી બનાવી 'સાયકલ ઓન સન્ડે'નું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત, કચ્છની તમામ નગરપાલિકાઓમાં વોર્ડવાઈઝ રમતોનું આયોજન કરાશે.

આ અંગે જીલ્લા કલેકટર આનંદ પટેલે આ મુજબ જણાવ્યું હતું.

(કલેક્ટર: : આનંદ પટેલ બાઇટ)

------------------------------------------------------------------------------------

## રાષ્ટ્રીય અવકાશ દિવસ

આજે રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી કરવામાં આવી. 23 ઓગષ્ટ 2023ના ઈન્ડીયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન-ઈસરોએ વિક્રમ લેન્ડરનું ચંદ્ર પર સફળ લેન્ડીંગ કરી ઈતિહાસ રચ્યો હતો. આ દિવસની યાદમાં દર વર્ષે 23 ઓગષ્ટને રાષ્ટ્રીય અવકાશ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જીલ્લા મથક ભુજમાં રિજનલ સાયન્સ સેન્ટર ખાતે રાષ્ટ્રીય અવકાશ દિવસ નિમિતે વિવિધ જ્ઞાન વર્ધક સ્પર્ધાઓ અને પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

------------------------------------------------------------------------------------

## વરસાદ

જીલ્લામાં આજે રાપર તાલુકાને બાદ કરતા બાકીના વિસ્તારોમાં વરસાદનું જોર ઘટ્યું છે. જીલ્લા કંટ્રોલ રૂમમાંથી અમને મળેલી વિગતો મુજબ, અત્યારે સાંજે ૬ વાગ્યે પુરા થતા ૧૨ કલાક દરમ્યાન, આજે રાપરમાં 21 મિલિમીટર વરસાદ પડ્યો છે, જ્યારે મુન્દ્રામાં 5, તેમજ ગાંધીધામ, માંડવી અને નખત્રાણમાં 3-3 મિલિમીટર વરસાદ નોંધાય છે.

દરમ્યાન, રાપર તાલુકાના ખાંડેકથી સમાચાર મિત્ર કરમશી માલીએ કહ્યું કે, તાલુકાના ફતેહગઢ, ખાંડેક, સણવા, હમીરપર સહિતના ગામોમાં આજે મેઘમહેર થતા ખેડૂતો ખુશખુશાલ થયા છે.

------------------------------------------------------------------------------------

## પાનધ્રો – કુલરા વચ્ચેનો માર્ગ બંધ

લખપત તાલુકામાં છેલ્લા કેટલાક દિવસોમાં પડેલા વરસાદને કારણે કાળી નદીમાં પાણી આવતા પાનધ્રો-કુલરા વચ્ચેનો માર્ગ બંધ થયો છે. આ કારણે ઘડુલીથી પાનધ્રો અને નારાયણ સરોવર તરફ જતા વાહન ચાલકોને દયાપર અને સુભાષપર થઈને લાંબો રસ્તો કાપવો પડે છે.

કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે નદીની બંને બાજુ હોમગાર્ડનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. નદી પર પુલ ન હોવાથી દર ચોમાસામાં આ સમસ્યા સર્જાય છે. જેથી, સ્થાનિક લોકોએ પુલ બનાવવા માટે તંત્ર સમક્ષ રજૂઆત કરી છે.

----------------------------------------------------------------------------------------

## શ્રાવણમાસનું સમાપન

પર્વો અને મેળાઓનો શ્રાવણ માસ આજે સમ્પન્ન થઈ રહ્યો છે. આજે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

જીલ્લા મથક ભુજમાં સુરલભીટ, માંડવી તાલુકામાં ગુંદિયાળી નજીક આવેલા ધ્રબુડી તીર્થ સહિત જીલ્લાના નાના મોટા દરેક શિવાલયો ખાતે શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા તેમજ કેટલાક સ્થળે મેળા ભરાયા છે.

----------------------------------------------------------------------------------------

## ગાંધીધામ-આદિપુરમાં હાઈડ્રોજન બસો ફાળવાશે

કેન્દ્ર સરકાર દ્વારા કંડલા બંદરને ગ્રીન હાઈડ્રોજન હબ બનાવવામાં આવી રહ્યું છે અને તેનું ઉત્પાદન પણ પ્રારંભિક તબક્કે શરૂ થઈ રહ્યું છે. ત્યારે આ પહેલ અંતર્ગત નેશનલ થર્મલ પાવર  કોર્પોરેશન દ્વારા ડીપીએને ૧૧ જેટલી હાઈડ્રોજન બસો  ફાળવવામાં આવશે. આ બસોને ગાંધીધામ આદિપુરમાં શહેરીજનો માટે સિટીબસ સેવાના રૂપમાં દોડાવવા માટે દીનદયાલ પોર્ટ દ્વારા આયોજન ઘડવામાં આવી  રહ્યું હોવાનું જાણવા મળ્યું છે.

આ માટે ગાંધીધામ, આદિપુર, મેઘપર બોરીચી, શિણાય, અંતરજાળ, ભારત નગર, સુંદરપુરી, ગાંધીધામની મુખ્ય બજાર, આદિપુર સહિતના  વિસ્તારોના રૂટ બનાવવા માટેની કવાયત પોર્ટ પ્રશાસન દ્વારા આદરવામાં આવી છે. મળતી વિગતો મુજબ બસમાં હાઈડ્રોજના

સિલિન્ડર બેસાડવામાં આવશે. આ સિલિન્ડર કંડલા ખાતે તાજેતરમાં તૈયાર થયેલા એક મેગાવોટના હાઈડ્રોજન પ્લાન્ટમાંથી રિફીલિંગ કરીને ગાંધીધામમાં રાખવાની વ્યવસ્થા ગોઠવવા અંગેની પણ વિચારણા ચાલી રહી છે. આ 11 હાઈડ્રોજન બસ સંભવત 2026ના વર્ષમાં કંડલા પોર્ટને ફાળવવામાં આવશે તેવી શકયતા છે.

---------------------------------------------------------------------------------------------